અપીલ અરજી નં.૧૯૭ તા.૧૬–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.ર૦–૭–૧૦ ની અરજીથી (૧)સાંઈ સમર્પણ સોસાયટીમાં પ્લોટ નં.ર૮૫ પર ઉભુ થયેલ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો મંજુર પ્લાન મુજબનું ન હોય તો આ બાંધકામધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. (ર) આ બાંધકામમાં આપના વિભાગે કેટલા ભાગનું ડીમોલીશન કરેલ છે? ડીમોલીશન કર્યાબાદ બાકીનું ડીમોલીશન કયા કારણોસર અટકાવ્યું તેની માહિતી આપશો. (૩) ડીમોલીશન સમયે મિલ્કતધારકે બાકીનું બાંધકામ સ્વૈચ્છિક તોડવા અંગેની બાંહેધરી આપી હતી કે કેમ? જો આપી હોય તો નેની નકલ આપશો તથા આપના વિભાગ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશન પેટે (વહીવટી ખર્ચ) કેટલી રકમ વસુલવામાં આવી તેની નકલ સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૭/ર૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.ર૦–૭–૧૦ ની અરજીથી (૧) સાંઈ સમર્પણ સોસાયટીમાં પ્લોટ નં.ર૮૫ પર ઉભું થયેલ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો મંજુર પ્લાન મુજબનું ન હોય તો આ બાંધકામધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. (ર) આ બાંધકામમાં આપના વિભાગે કેટલા ભાગનું ડીમોલીશન કરેલ છે? ડીમોલીશન કર્યાબાદ બાકીનું ડીમોલીશન કયા કારણોસર અટકાવ્યું તેની માહિતી આપશો. (૩) ડીમોલીશન સમયે મિલ્કતધારકે બાકીનું બાંધકામ સ્વૈચ્છિક તોડવા અંગેની બાંહેધરી આપી હતી કે કેમ? જો આપી હોય તો નેની નકલ આપશો તથા આપના વિભાગ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશન પેટે (વહીવટી ખર્ચ) કેટલી રકમ વસુલવામાં આવી તેની નકલ સહિતની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક ૪૧૬ તા.૧૬–૮–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૧૬–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અરજદારની અપીલ અરજીના '**A**' ની રજુઆત અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૦ તા.ર૮–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં "ડીમોલીશનમાં ગયેલ" તેવા દાવા અંગે આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી જયારે અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.ર૦–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૧૬ તા.૧૬–૮–૧૦ થી " સંદર્ભ બાબત હેઠળની અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કત સાંઈ સમર્પણ સોસા.માં પ્લોટ નં.ર૮૫ ના બાંધકામ માટે ઉધનાઝોન કચેરીએથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. સદર બાંધકામ બંધ કરાવવા તથા અટકાવવા માટે ઉધનાઝનો કચેરીએથી પત્ર નં.૧૬૬ર થા ૧૬૬ર/૧ તા.૧–૭–૧૦ થી મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. માંગેલ નકલ ઉધનાઝોન કચેરીમાં રૂા.૪.૦૦ જમા કરાવ્યેથી મેળવી શકશો. માંગવામાં આવેલ અન્ય માહિતી ઉધનાઝોન કચેરીના રેકર્ડમાં ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧૬–૮–૧૦ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવ સાઉથઝોન તરફથી આપવામાં આવેલ જેમાં મુદ્દા નં.૧ ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.ર અને ૩ ની માહિતી રેકર્ડ ઉપર ન હોવાથી આપી શકાય તેમ નથી તેમ ના હોવાનું જણાવવામાં આવેલ છે. તો આ મિલકતનું ડીમોલીશન કરવા ખુદ શ્રી ડી સી. ગાંધી સહિતની ટીમ ગઈ હતી તો પછી આ કામગીરી રેકર્ડ ઉપર કેમ ના હોઈ શકે? તેવું જણાવી તા.૧૬–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજીમાં અરજદારને મુદ્દા નં.૧ બાબતે કોઈ તકરાર નથી જયારે મુદ્દા નં.ર અને ૩ બાબતે ડીમોલીશનની કામગીરીની માહિતી બાબતે રેકર્ડ ઉપર નહીં હોવાની બાબતે નારાજગી દર્શાવેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૦ તા.ર૮–૯–૧૦ થી "ડીમોલીશનમાં ગયેલ" તેવા અરજદારના દાવા અંગે આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી સદર પત્ર સંદર્ભે કોઈ આધાર ની વિગતો રજૂ કરેલ નથી. જો ડીમોલીશનની કામગીરી ઉધનાઝોન મારફતે થયેલ હોય તો તે અંગે થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી રેકર્ડ ઉપર હોવાનું અનુમાનિત છે . પરંતુ જાહેર માહિતી અધિકારીએ તે અંગે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) તથા ર(જે) અનુસાર જાહેર માહિતી અધિકારી કક્ષાએ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળની મિલ્કત અંગે આપેલ નોટીસ પશ્ચાતની કાર્યવાહી સબંધે સબંધિત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ